# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-05-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## કેન્દ્રીય ગૃહમંત્રી-અમિત શાહ-વિકાસ કાર્યો-ખાતમુર્હત:

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં ખાતે એક હજાર 593 કરોડ રૂપિયાનાં ખર્ચે વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કર્યું હતું. નારણપુરા ખાતે આયોજિત કાર્યક્રમમાં શ્રી શાહે પ્રધાનમંત્રી આવાસ નિર્માણ યોજના અંતર્ગત 107 કરોડ રૂપિયાનાં ખર્ચે નિર્માણ પામેલા એક હજાર 55 આવાસોનાં ડ્રોનાં કેટલાંક લાભાર્થીઓને ચાવી એનાયત કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનની સંબોધતા શ્રી શાહે જણાવ્યું કે, પહલગામ હુમલા પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશની જનતાને કહ્યું હતું કે, આતંકવાદીઓનાં અડ્ડાઓને માટીમાં ભેળવી દઈશું. નરેન્દ્ર મોદીની ઈચ્છા શક્તિ, સેનાનું પરાક્રમ, અને ગુપ્તચર એજન્સીઓની સટીક જાણકારી અને સેનાની મારક ક્ષમતાએ આતંકવાદીઓના નવ અડ્ડાઓને ધ્વસ્થ કરી નાંખ્યાં.

શ્રી મોદીએ પ્રથમ સર્જિકલ સ્ટ્રાઈક, ત્યારબાદ એર સ્ટ્રાઈક અને તાજેતરમાં મહિલાઓનાં માથા પરથી સિંદૂર ભૂંસવાવાળાઓ સામે ઓપરેશન સિંદૂર કરી આતંકવાદીઓન જડબાતોડ જવાબ આપ્યો છે.

---------------------------------------------------------------------------------------------

## સહકારી પરિષદ-સહકારિતા મંત્રી અમિત શાહ:

કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું કે, રાષ્ટ્રની પ્રગતિ માટે મજબૂત સહકારી માળખું હોવું જરૂરી છે. અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા આયોજિત સહકારી પરિષદને સંબોધતા શ્રી શાહે ભારતની વિકાસ યાત્રામાં સહકારી ક્ષેત્રની મહત્વની ભૂમિકા પર ભાર મૂક્યો.

શ્રી શાહે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ-PACSનો નવસંચાર કરીને દેશમાં સહકારી માળખાને મજબૂત કરવાની સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. તેમણે 2029 સુધીમાં સમગ્ર દેશમાં દરેક પંચાયતમાં કૃષિ ધિરાણ મંડળી સ્થાપિત કરવાના સરકારના મહત્વાકાંક્ષી લક્ષ્યની રૂપરેખા પણ રજૂ કરી હતી.

---------------------------------------------------------------------------------------------

## સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ-સંસદીય મંત્રી- કિરેન રિજિજુ:

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જાહેરાત કરી છે કે સાત સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ ટૂંક સમયમાં ઓપરેશન સિંદૂર હેઠળ ટોચનાં રાષ્ટ્રોની મુલાકાત લેશે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી રિજિજુએ આ સંયુક્ત મોરચાનું પ્રતિનિધિત્વ કરતા સાંસદો અને પ્રતિનિધિમંડળોની યાદી રજૂ કરી હતી.

સંસદના 59 સભ્યોના સાત જૂથો કુલ 32 દેશોની મુલાકાત લેશે. દરેક પ્રતિનિધિમંડળમાં એક નિવૃત્ત રાજદ્વારી પણ હશે.

---------------------------------------------------------------------------------------------

## ત્રિરંગા યાત્રા-ગાંધીધામ:

પહેલગામ આતંકી હુમલા બાદ ભારતીય સેનાના વીર જવાનોના પરાક્રમને વધાવવા માટે દેશભરમાં તિરંગાયાત્રા યોજાઈ રહી છે. ભારતીય જવાનોનાં મનોબળને મજબૂત કરવા અને અભિનંદન આપવા માટે તિરંગાયાત્રા સમિતિ-ગાંધીધામમાં તિરંગાયાત્રા ગઈકાલે યોજાઈ હતી. આ યાત્રા થકી ગાંધીધામ સંકુલ દેશભક્તિના રંગે રંગાયું હતું. ઝંડાચોક ખાતે તિરંગયાત્રાના સમાપન પ્રસંગે ઉદ્બોધન આપતા સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું હતું કે, આપણા તિરંગાની જેમ ભારતીય સેના જવાનો પણ દેશની આન-બાન-શાન છે. દેશના શૂરવીર જવાનોએ પાકિસ્તાનમાં આતંકવાદના ઠેકાણા ધ્વસ્ત કર્યા હતા. સમગ્ર વિશ્વએ ભારતીય તાકાતનાં દર્શન કર્યાં હતાં. ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ જણાવ્યું હતું કે, આતંકવાદી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂરના માધ્યમથી પાકિસ્તાનના ઘરમાં ઘૂસીને

જવાબી કાર્યવાહી કરી છે. ભારતીય સેનાની કાર્યવાહી અભિનંદનને પાત્ર છે. દેશનો પ્રત્યેક નાગરિક ગૌરવની લાગણી અનુભવે છે. આ તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં શહેરીજનો ઉત્સવભેર જોડાયા હતા.

---------------------------------------------------------------------------------------------------

## અવસાન:

મુંબઈ વસતા કચ્છના સામાજિક અગ્રણી અને પત્રકાર ભવાનજીભાઈ ગાલાનું મુંબઈ ખાતે અવસાન થયું છે. તેઓ માંડવી તાલુકાના ફરદીના વતની હતા.મુંબઈ થી ઘણા વરસ થી તેઓ કચ્છ રચના સામયિક પ્રકાશિત કરતા હતા.

---------------------------------------------------------------------------------------------------

## આઈ.પી.એલ:

ગુજરાત ટાઇટન્સ ટીમે દિલ્હી કેપિટલને 10 વિકેટે હરાવી આઇ.પી.એલની પ્લેઓફમાં પ્રવેશ કરનાર પ્રથમ ટીમ બની છે. દિલ્હીનાં અરુણ જેટલી સ્ટેડિયમ પરની મેચમાં દિલ્હીની ટીમે 3 વિકેટ ગુમાવી 199 રન કર્યાં હતા. કે.એલ.રાહુલ 112 રન કર્યા હતા. જવાબમાં ગુજરાતની ટીમ ઓપનિંગ ખેલાડીઓએ 205 રન કરી મેચ જીતી લીધી હતી. સાઈ સુદર્શને 108 જ્યારે સુકાની શુભમન ગિલે 93 રન કરી નોટ આઉટ રહ્યા હતા. ગુજરાત ટીમ સાથે પંજાબ અને બેંગલોરની ટીમો પ્લેઓફમાં પ્રવેશી છે.

---------------------------------------------------------------------------------------------------

## હવામાન:

**હવામાન વિભાગે 24મે સુધી રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં હળવા વાવાઝોડા સાથે વરસાદની આગાહી કરી છે. જેમાં પવનની ઝડપ 30થી 50 કિલોમીટર પ્રતિ કલાકની નોંધાઈ શકે છે. હવામાન વિભાગ મુજબ આગામી સાત દિવસમાં રાજ્યના મહત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફાર નોંધાશે નહીં.**

**આજે અને 21 તારીખે પૂર્વ અને દક્ષિણ ગુજરાતમાં જ્યારે 22 તારીખે સૌરાષ્ટ્ર, દક્ષિણ, મધ્ય અને ઉત્તર ગુજરાતમાં ઉપરાંત 23 અને 24 તારીખે સમગ્ર ગુજરાતમાં વરસાદ સાથે વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે.**

---